## દિવાની દાવા નંબર ૩૦૯/૨૩ આંક ૧ નીચે મુજબ છે.

સદર દાવો પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ સબ ડિવીઝન–૧ એ પ્રતિવાદી નથુભાઈ નગાભાઈ બાંભણીયા વિરુધ્ધ દાખલ કરેલ,જે દાવાના અનુસંધાને નામદાર કોર્ટ ધ્વારા પ્રતિવાદીને નોટીસ ઈશ્યુ કરવામાં આવેલ,જે નોટીસ તા.૧૨/૮/૨૪ ના રોજ આંક–૫ થી વગર બજયે પરત કરવામાં આવેલ,જેમા એવો શેરો કરવામાં આવેલ છે કે આ કામના પ્રતિવાદી તા. ૨૦/૩/૨૩ ના રોજ અવસાન પામી ગયેલ છે, સાથે સાથે આંક ૫ સાથે નથુભાઈ નગાભાઈ બાંભણીયા મરણની ઝેરોક્ષ નકલ રજૂ કરવામાં આવેલ,ત્યારબાદ વાદીની કંપની વતી આંક–૬ થી, આંક–૭ થી ગૂજરી ગયેલ નથુભાઈના વારસદારોને દાવાના કામે જોડવા માટેની મુદત અરજી આપવામાં આવેલી,જે નામદાર કોર્ટે મંજૂર કરેલી,બાદ વાદી તરફે આંક–૯ થી સમયર્મયાદાની કલમ–૫ મુજબ ડિલે માફીની અરજી તેમજ આંક–૧૦ થી નથુભાઈ નગાભાઈ બાંભણીયાની વારસદારોને રેર્કડ ઉપર લાવવા ઓડર–૨૨ રૂલ–૪ મુજબની અરજી આપેલ ,જે અરજી સાંભળવા માટે રાખવામાં આવેલ અને અરજીમાં સુચીત પક્ષકારને નોટીસ કાઢવામાં આવતા આંક–૧૧થી નોટીસ બજીને પરત થઈ. ત્યારબાદ નામદાર કોર્ટના ધ્યાન ઉપર આવેલ કે આ કામના પ્રતિવાદીની સામે જે તારીખે દાવો દાખલ કરવામાં આવેલ તે તારીખ પહેલા આ કામના પ્રતિવાદી ગુજરી ગયેલા , જેથી નામદાર કોર્ટ ધ્વારા વાદી નાયબ ઈજનેર પી.જી.વી.સી.એલ સબ ડિવીઝન કોડીનારને મરણ પામનાર સામે દાવો કેમ દાખલ કરવામાં આવેલ છે તેનો ખુલાસો કરવા આંક–૧૨ થી નોટીસ આપવામાં આવેલી,બાદ વાદી તરફે આંક–૧૩ થી ખુલાસો રજૂ કરવા માટે મુદત માંગવામાં આવેલી અને આંક–૧૪ થી વાદી કંપની ધ્વારા ખુલાસો કરવામાં આવેલ જે નીચે મુજબ છે.

"અમો કોડીનાર તેમજ અન્ય વિસ્તારમાં વીજ પુરવઠો/ વિતરણ કરતી કંપની – પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. છે. તેમજ તે વીજ કંપનીના કોડીનાર સબ ડીવીઝન નં.૨ ના નાયબ ઈજનેર તરીકે હોદ્દો ધરાવીએ છે. અમોના કાર્યક્ષેત્રના વીજ કંપનીના અધિકારીઓ દ્વારા તા.૨૩.૦૫.૨૦૨૨ નારોજ કોડીનાર તાલુકાના મોજે આલીદર ગામે વીજચોરી તપાસ હાથ ધરવામાં આવેલ, તે દરમ્યાન સ્વ.શ્રી નથુભાઈ નગાભાઈ બાંભણીયાના રહેણાંકના મકાનમાં વીજ ચેકીંગ કરવામાં આવેલ, તેઓ અમો વીજ કંપનીના ગ્રાહક નં.૮૭૪૩૪/૦૧૩૧૨/૫ થી વીજ જોડાણ ધરાવતા હતા. તપાસ દરમ્યાન તેઓ વીજ ચોરી કરતાં હોવાનું જણાય આવેલ, તેમજ ગુજ.નથુભાઈનું પાવર ચોરી અંગેનું બીલ પણ આપવામાં આવેલ. તેમજ લીગલ નોટીસ પણ આપવામાં આવેલ. ત્યાર બાદ તેઓની સામે વીજ અધિનિયમની કલમ–૨૦૦૩ (૧૨૬) મુજબ સદર દાવો દાખલ કરવામાં આવેલ. ત્યાર બાદ અમોને વકીલશ્રી તરફથી મળેલ માહીતી મુજબ નથુભાઈ નગાભાઈ બાંભણીયા તા.૨૦.૦૩.૨૦૨૩ નારોજ અવસાન પામેલ હોય તે બાબતની હકીકતની જાણ થયેલ. સવિનય જણાવવાનું કે અમોને દાવાના કામે પ્રતિવાદીને અવસાન બાબતની કોઈપણ જાત માહીતી હતી નહી, તેમજ ઉપરોકત દાવો દાખલ કરતી વખતે કે તે

પહેલા પ્રતિવાદીના અવસાન બાબતની માહીતી અમોની કચેરીને મળેલ નહી કે પ્રતિવાદીના વારસો દ્વારા પણ તે માહીતી વીજ કંપનીને આપેલ નહી. સદર દાવો કરતી વખતે અમોને પ્રતિવાદીના અવસાન બાબતે કોઈ જાત માહીતી હતી નહી. જેથી ઉપરોકત દાવો શુધ્ધ બુધ્ધિ પુર્વકનો છે. તેમજ અમો દ્વારા થયેલ ભુલ જાણી બુઝીને કે ઈરાદાપુર્વક કરેલ નથી. આમ અમો દ્વારા થયેલ ભુલ દર ગુજર કરવા મહે.કરશોજી. અમોને સબ ડીવીઝન દ્વારા ગ્રાહકો સામે દાવો દાખલ કરવા સબબ અમારે ઉપલી ઓથોરીટીની મંજુરી મેળવવાની થતી હોય જે સબબ અમારી કચેરી દ્વારા પક્ષકાર હૈયાત હોવાની ખરાઈ કરેલ, પરંતુ મંજુરી મળ્યાના ૩ માસ જેટલો સમય વીતી ગયેલ હોવાથી પ્રતિવાદી તા.૨૦.૦૩.૨૦૨૩ પહેલા હૈયાત હોવાનું અમોને જાણમાં આવેલ, જે દાખલ સબબ ૩ માસનો જેટલો વીતી ગયેલ સમયથી અમોથી અજાણ હોય દર ગુજર કરવા વિનંતી. ઉપરોકત સંજોગો તેમજ સ્થિતિ અમોની જાણ બહારની હોય, તેમજ થયેલ ચુક જાણી જોઈને કરવાનો અમારો કોઈ ઈરાદો હતો નહી, તેમજ વાદી કંપનીને પ્રતિવાદી પાસેથી કોઈ લાભપણ મળેલ નથી. જેથી થયેલ ભુલ દર ગુજર કરવા નમ્ર વિનંતી અરજ છે."

બાદ વાદીના સદર નોટીસ બાબતે વધુ કંઈ કહેવા માંગતા નથી તેવી કલોજીંગ પુરસીસથી જાહેરાત કરી છે.

પી.જી.વી.સી.એલ નો રીપ્લાય ધ્યાને લેવામાં આવેલ છે પી.જી.વી.સી.એલ તેના રીપ્લાયમાં આ કામના પ્રતિવાદી ૨૦/૩/૨૩ ના રોજ ગુજરી ગયેલ , તે પહેલા ૨૩/૫/૨૨ ના રોજ વીજ ચેકિંગ કરવામાં આવેલ,ત્યારબાદ ૨૭/૫/૨૨ ના રોજ બીલ ચુકવણી માટે નોટીસ આપવામાં આવેલી તેની કોઈ દરકાર લેવામાં આવેલ નથી ત્યારબાદ ૧૩/૧૨/૨૨ વીજ કંપની ધ્વારા વકીલ મારફત નોટીસ આપવામાં આવેલ જેવી હકીકત જણાવે છે જેથી ઉપરોકત સંજોગો અને સ્થિતી વાદીના જાણમાં ના હોવાથી ચૂકના કારણે હાલના પ્રતિવાદી સામે દાવો દાખલ થયેલો જે દરગુજર કરવા વિનંતી કરેલ છે.

જયારે કોઈ વ્યકિત સામે દાવો દાખલ કરવામાં આવે,ત્યારે દાવો દાખલ કરનારની નૈતિક જવાબદારી છે તેને તમામ હકીકત દાવાની દાખલ તારીખ સુધી તેની જાણમાં હોય અને તે મુજબ તમામ હકીકત સાથે તેણે દાવો દાખલ કરવાનો રહે છે. વાદી તરફે પ્રતીવાદીએ ૨૦/૩/૨૩ ના રોજ ગુજરી ગયેલ છે,ચેકીંગ તથા બીજી તમામ ર્કાયવાહી ૨૦/૩/૨૩ પહેલા થયેલ છે તે હકીકત માની પણ લેવામાં આવે તો વાદી તરફે દાવાના કામે પ્રતિવાદીને નોટીસ કાઢતા આંક-૫ થી નોટીસ બજી ગયેલ અને તેની સાથે પ્રતીવાદીનો મરનારનો દાખલો સામેલ રાખવામાં આવેલ,જેથી આ કામના વાદી સંસ્થાને આંક-૫ ની નોટીસ બજતા, પ્રતિવાદી ૨૦/૩/૨૩ ના રોજ ગુજરી ગયેલ છે તે હકીકત તેમની જાણમાં આવી ગઈ તેવુ કૉર્ટે માનવાનું રહે છે આમ, જયારે વાદીને પ્રતીવાદી ૨૦/૩/૨૩ ના રોજ ગુજરી ગયેલ છે તે હકીકત જાણમાં આવી ગયેલ હોય ત્યારે તેમની નૈતિક ફરજ હતી કે તેઓ મરેલા વ્યકિત સામે દાવો દાખલ કરેલ હોય તેઓ દાવો વિડ્રો કરી અને નવેસરથી દાવો દાખલ કરે, પરંતુ વાદી પક્ષ તરફે મરનાર સામે દાવો દાખલ કરી

તે હકીકત તેમની જાણમાં આવેલ બાદ પણ મરનાર વ્યકિતનો વારસો રેર્કડ પર લાવવા મુદતની માંગણી કરી બાદ આંક ૯ થી વીલંબ માફીની અરજી તથા આંક-૧૦ થી વારસો રેર્કડ ઉપર લાવવા માટે પ્રયત્ન કરેલ,આમ, જયારે વાદી પક્ષને નોટીસ ધ્વારા જાણ થાય કે,દાવા સમયે પ્રતિવાદી જીવીત ના હતો,તે હકીકત ર્કોટના રેર્કડ ઉપર આવી ગયેલ હોય છતાંય, જો વાદી પક્ષ દાવો વિડ્રો ન કરે ,દાવામાં તેનો વારસો પક્ષકાર તરીકે જોડવાનો પ્રયત્ન કરે,ત્યારે વાદીની વર્તણૂક યોગ્ય અને વાજબી અને કાયદા મુજબની જણાય આવતી નથી. વાદી તરફે જે ખુલાસો રજૂ કરવામાં આવેલ છે તે અમુક અંશે માનવા પાત્ર છે પંરતુ વાદીએ પ્રતીવાદી મરણ ગયેલ છે એ હકીકત રેર્કડ ઉપાર આવ્યા બાદ જે વર્તણૂક કરેલ છે તે જોતા વાદીનો ખૂલાસો ગ્રાહય રાખવા પાત્ર ન હોય નીચે મુજબ હુકમ ફરમાવું છું.

## હુકમ

૧. વાદીએ તાલુકા લીગલ ર્સવિસ ઓથોરીટીમાં રૂા.૩૦૦૦ દંડ પેઠે જમા કરાવ્યેથી મરણ પામેલ વ્યકિત સામે કરેલ દાવો કાઢી નાખવાનો હુકમ કરવામાં આવે છે.

૨. જો વાદી સંસ્થા આ રકમ દિન ૧૫ માં જમા ના કરાવે અથવા જમા કરાવવામાં કસૂર કરે તો વાદી સંસ્થા પાસેથી ઉપરોકત રકમ વસૂલ કરવા માટે કાયદેસરની આગળની ર્કાયવાહી કરી સદર હુકમ આજરોજ વાદી પક્ષના વિ.વ.શ્રીની હાજરીમાં વાંચી સંભળાવી જાહેર ર્કયો.

સદર હૂકમ આજરોજ ખૂલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવે છે.

Place : Kodinar

Dated: 21/08/2026

(Sajjadhusen Sagirkhan Pathan)
Principal Senior Civil & Addi.
Chief Judicial Magistrate,
Kodinar, Judge Code: GJ 01273